# નવસારી કૃષિ યુનિવર્સિટી,
# નવસારી

**શૈક્ષણિક/બિન શૈક્ષણિક સંવર્ગના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને પાસ કરવાની થતી હિન્દી પરીક્ષાઓ બાબત...**

## :: પરિપત્ર::

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે કૃષિ યુનિવર્સિટીની વિવિધ કચેરીઓ દ્વારા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓના કેરીયર એડવાન્સમેન્ટ યોજના, બઢતી તથા ઉચ્ચતર પગારધોરણની દરખાસ્ત પગાર ચકાસણી એકમ, ગાંધીનગરને સેવાપોથી સહિત ચકાસણી અર્થે મોકલવામાં આવે છે. જ્યારે નિવૃત થતા કર્મચારીઓની પેન્શન દરખાસ્ત પણ સેવાપોથી સાથે ચકાસણી અર્થે જીલ્લા સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારીને મોકલવામાં આવે છે. સેવાપોથીની ચકાસણી કરતા કર્મચારીએ હિન્દી પરીક્ષા પાસ કરેલ ન હોય તો દરખાસ્ત વાંધા સહિત પરત મોકલી આપવામાં આવે છે.

ઉપસ્થિત થતા આ પ્રકારના વાંધાઓના કાયમી નિરાકરણના હેતુસર આથી તમામ યુનિટ/સબયુનિટના અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે આપના તાબા હેઠળના કર્મચારીઓએ SSC/HSC ની પરીક્ષા હિન્દી વિષય સાથે પાસ કરેલ હોય તો તેની સાધનિક રેકર્ડ સાથે ચકાસણી કરી તે અંગેની નોંધ સેવાપોથીમાં કરવાની રહે છે. અન્યથા સ્ટેચ્યુટરી જોગવાઇ અન્વયે તથા સરકારશ્રીના વખતોવખત જારી કરવામાં આવેલ આ સાથે સામેલ ઠરાવોને ધ્યાને લઇ પરીક્ષા પાસ કરવાની રહે છે. પરીક્ષા પાસ કર્યેથી તેની નોંધ સેવાપોથીમાં કરવાની રહેશે.

જા.નં. નકૃયુ/રજી/એડીએમ.૧ &૨/૭૪૯૩-૭૫૪૨/૨૦૨૦
તા.૦૬/૧૦/૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

<u>નકલ સવિનય રવાના :-</u>

૧. અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તથા યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

૧. અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ

૮૭ હિન્દી પરીક્ષાઓમાંથી મુક્તિ આપવા અંગે..

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: હનપ-૧૧૭૯-૩૦૨૫-ક,
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી માર્ચ, ૧૯૮૧.

વંચાણે લીધા:-
(૧) આ વિભાગના સરખાંકના તા. ૨૦-૯-૬૯ ના ઠરાવ ક્રમાંક: હનપ-૧૧૬૭-ક.

(૨) આ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૨ના ઠરાવ ક્રમાંક: હનપ-૧૧૭૧-૭૨-૨૮૦૧-ક.

ઠ રા વ :-

આ વિભાગના તા. ૧લી જુલાઈ, ૧૯૭૨ ના ઠરાવમાં કરેલી જોગવાઈ મુજબ એસ. એસ. સી. માં હિન્દી વિષયને આધારે મુક્તિ આપવાની બાબત કેટલાક સમયથી સરકારની સમીક્ષા હેઠળ હતી. વિચારણાને અંતે, તા. ૧લી જુલાઈ, ૧૯૭૨ ના ઉક્ત ઠરાવમાં રદ કરીને નીચે મુજબની જોગવાઈ કરવાનું સરકાર ઠરાવે છે.

(૧) આ વિભાગના તા. ૨૦-૯-૬૯ ના ઠરાવ ક્રમાંક: હનપ-૧૧૬૭-ક, માં હિન્દી પરીક્ષાઓમાંથી મુક્તિ આપવા અંગેના ભાગ-૩ માં પરિચ્છેદ (૪) ના પેટા ફકરાઓ ક્રમાંક: (૧), (૩), (૪) તથા (૫) ને બદલે નીચેનો પેટા ફકરો મુકવો.:-

(૧) જે સરકારી કર્મચારી / અધિકારીએ એસ. એસ. સી. પરીક્ષામાં અથવા અન્ય વૈધાનિક સંસ્થાની તેની જ સમકક્ષ પરીક્ષામાં અથવા તેથી કોઈ ઉચ્ચ પરીક્ષામાં હિન્દી વિષયની પરીક્ષા પાસ કરી હોય તો તેવા સરકારી કર્મચારી / અધિકારીને યથા પ્રસંગે હિન્દીની બોલચાલ શ્રેણી, નિમ્ન શ્રેણી અથવા ઉચ્ચ શ્રેણી પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨) પેટા ફકરા (૨) યથાવત રહેશે.

(૩) પેટા ફકરા (૬), (૭) તથા (૮) ને અનુક્રમે પેટા ફકરા (૩), (૪) તથા (૫) તરીકે ગણવા.

(૪) આવી મુક્તિ માટેના વિધિસર હુકમો સંબંધિત વિભાગ/ ખાતા/ કચેરીના વડાઓએ કાઢવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ક. જી. પંડ્યા,
સરકારના ઉપ સચિવ.

Passing of Hindi Examination -
Exemption from -

Government of Gujarat,
General Administration Department,
Resolution No. હભષ -1179-3025-K,
Sachivalaya, Gandhinagar, Dated the 3rd March, 1981.

Read:- 1. This Department Government Resolution No. હભષ - 1167-K, dated 20th September, 1967 as amended from time to time.

2. This Department Government Resolution No. હભષ - 1171-72-2807-K, dated 1st July, 1972.

## RESOLUTION

This provision of exempting from passing of Hindi Examination on the basis of S.S.C. with Hindi was under review of Government for some time past. After proper consideration, Government is pleased to supersede the above orders dated 1st July, 1972 and provide as under:-

(1) For sub-paras (1), (3), (4) and (5) of para 4 in Part III, regarding exemption from Hindi Examination of this Department G.R. No. હભષ -1167-K, dated 20th September, 1967, the following sub-para should be substituted:-

(1) Government employee/officer, who have passed the examination of Hindi subject in S.S.C. or in its equivalent examination of statutory body or in any higher examination should be exempted from the requirement of passing the Coloquial Standard, Lower Standard or Higher Standard Examination in Hindi as the case may be.

(2) Sub-para (2) should remain unchanged.

(3) Sub-paras (6), (7) and (8) should be renumbered as sub-paras (3), (4) and (5) respectively.

(4) Formal orders of such exemption shall be required to be issued by the Heads of Department/Office concerned.

By order and in the name of the Governor of Gujarat,

K.G. PANDYA,
Under Secretary to Government.

2

૯-૯

સરકારી કર્મચારીઓએ પાસ કરવાની

હિન્દી પરીક્ષાઓ-મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ક્રમાંક-હનપ-૧૧૬૮-ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ- [illegible] - ૮૯.

વંચાણે લીધા: (૧) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક-હનપ-૧૧૬૭-ક, તા.૨૦/૯/૬૭.
(૨) સા.વ.વિ.નો સુધારા ક્રમાંક-હનપ-૧૧૬૮-ક, તા.૨૯/૫/૬૮.

સુ ધા રો :-

ઉપર નિર્દેશ કરેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૯/૬૭ ના ઠરાવ ક્રમાંક-હનપ-૧૧૬૭-ક ના ભાગ-૩ ના પારા ૨(૩) ને સુધારીને તા.૨૯/૫/૬૮ ના સામાન્ય વહીવટ વિભાગના સુધારા ક્રમાંક-હનપ-૧૧૬૮-ક થી નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો છે.

'' જે સરકારી કર્મચારીએ પ્રાથમિક શાળાંત કે તેની સમકક્ષ પરીક્ષા હિન્દી વિષય સાથે પાસ કરી હોય તેને બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મળી શકશે. ''

૨. હવે પ્રાથમિક શાળાંત પરીક્ષાઓ રદ કરવામાં આવી હોવાથી હિન્દીનો બોલચાલ શ્રેણીની પરીક્ષામાંથી મુક્તિ માટે શું ધોરણ અપનાવવું એ બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણા બાદ તા.૨૯/૫/૬૮ ના ઉક્ત સુધારાથી કરાવેલ ભાગ-૩ ના પારા ૨(૩) તરીકે નીચેનો પારા રાખવાનું સરકાર નિયત કરે છે :-

'' જે સરકારી કર્મચારીએ ધોરણ-૭ કે તેની સમકક્ષ પરીક્ષા હિન્દી વિષય સાથે પાસ કરી હોય તેને બોલચાલ શ્રેણીનો હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળી શકશે.''

૩. આ સુધારો શિક્ષણ વિભાગની તા.૩૦/૧/૮૮ ના રોજ,સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ સંમતિથી કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દુષ્યંત દિવાન
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

**સરકારી કર્મચારીઓએ પાસ કરવાની હિન્દી પરીક્ષાઓ.**

(૧)

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-હનપ/૧૦૯૮/૮૬૬/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા:- 11 SEP 1998

**પરિપત્ર :-**

સરકારી કર્મચારીઓએ પાસ કરવાની હિન્દી પરીક્ષાઓ અંગેના નિયમો સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૦/૯/૬૭ના મૂળ ઠરાવ ક્રમાંક: હનપ/૧૧૬૭/ક. થી બહાર પાડવામાં આવ્યા છે. તેમાં વખતોવખત સુધારા કે સ્પષ્ટતા કરતા અન્ય હુકમો બહાર પાડવામાં આવ્યા છે. આ નિયમો હેઠળ દરખાસ્ત તૈયાર કરતી વખતે કે ચકાસણી કરતી વખતે એકસૂત્રતા જળવાય તે હેતુથી આ હુકમો એકસાથે બહાર પાડવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. આથી હવે ઉપર દર્શાવેલ તા. ૨૦/૯/૬૭ ના મૂળ ઠરાવ તથા ત્યારબાદ વખતોવખત કરવામાં આવેલ સુધારા/ સ્પષ્ટતા અંગેના આ સાથે રાખેલ પત્રક-૧ માં દર્શાવેલ યાદી અનુસારના હુકમો સંકલિત પુસ્તિકા સ્વરૂપે બહાર પાડવામાં આવે છે.

આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સચિવાલયના વિભાગો/ ખાતાના વડાની કચેરીઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જે. એસ. દવે )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણ:-ઉપર મુજબ.

પ્રતિ,

X રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
બધા મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

સચિવાલયના સર્વે વિભાગો ( પાંચ પાંચ નકલો સાથે )
X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

X- પત્રથી

પ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
[illegible] નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટન્ટ ઓફિસર, અમદાવાદ/ ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર, અમદાવાદ/ ગાંધીનગર.
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
સર્વ ખાતાઓ/ કચેરીના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
અને રોકડ શાખા.
સીલેક્ટ ફાઈલ/ક. શાખા.

---

પ્ર [illegible].

# પત્રક

ઠરાવ ક્રમાંક:-હનપ/૧૦૬૮/૮૬૬/ક. નું બિડાણ.

---

સા.વ.વિ. ઠરાવ ક્રમાંક:- હનપ/૧૧૬૭/ક તા. ૨૦/૯/૬૭

,, હનપ/૧૧૬૮/ક તા. ૧૮/૪/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૨૯/૫/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૧/૭/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૨/૯/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૯/૯/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૧૬/૯/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૧૭/૯/૬૮

,, હનપ/૧૨૬૮(૨)/ક તા. ૨૬/૯/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૧૪/૧૦/૬૮

,, હનપ/૧૧૬૮/ક તા. ૧/૧૧/૬૮

,, હનપ/૧૧૬૮/૫૦૩૦/ક તા. ૧/૧/૬૯

,, હનપ/૧૧૬૯/ક તા. ૫/૨/૬૯

,, હનપ/૧૦૬૯/૨૯૧/ક તા. ૧૨/૨/૬૯

,, હનપ/૧૧૬૯/૭૧૬/ક તા. ૧૩/૬/૬૯

,, હનપ/૧૧૬૯/૯૬૫/ક તા. ૮/૭/૬૯

,, હનપ/૧૧૬૯/૨૪૩૭/ક તા. ૮/૯/૬૯

,, હનપ/૧૦૬૯/૧૩૮૪/ક તા. ૧૦/૧૦/૬૯

,, હનપ/૧૧૬૯/૨૪૩૮/ક તા. ૨૬/૧૧/૬૯

,, હનપ/૧૧૬૯/૨૪૩૮/ક તા. ૩/૧/૭૦

,, હનપ/૧૦૭૦/૬૯/ક તા. ૩૦/૧/૭૦

સા.વ.વિ. યાદી ક્રમાંક:-હનપ/૧૧૭૦/ક તા. ૨/૨/૭૦

સા.વ.વિ. ઠરાવ ક્રમાંક:-હનપ/૧૧૭૦/ક તા. ૨૫/૨/૭૦

,, હનપ/૧૧૭૧/ક તા. ૨૫/૫/૭૧

,, હનપ/૧૧૭૧/૨૮૦૭/ક તા. ૧/૧૨/૭૧

,, હનપ/૧૧૭૧/૭૨/૨૮૦૭/ક તા. ૨૫/૨/૭૨.

સા.વ.વિ. સુધારો ક્રમાંક:-હનપ/૧૧૭૨/૭૨/૨૮૦૭/ક તા. ૧૩/૪/૭૨

| | | | |
|---|---|---|---|
| (૨૮) | સા.વ.વિ. ઠરાવ ક્રમાંક:- | હનપ/૧૧૭૧/૭૨/છ | તા. ૧૯/૪/૭૨ |
| (૨૯) | સા.વ.વિ. " | હનપ/૧૧૬૯/૭૨/છ | તા.૨૬/૬/૭૨ |
| (૩૦) | " | હનપ/૧૧૭૧/૭૨/૨૮૦૭/છ | તા.૧/૭/૭૨ |
| (૩૧) | સા.વ.વિ. ઠરાવ ક્રમાંક:- | હનપ/૧૧૭૨/૨૫૨૮/છ તા. | તા. ૭/૨/૭૩ |
| (૩૨) | સા.વ.વિ. " | હનપ/૧૦૭૬/૪૦૧/છ | તા. ૫/૭/૭૬ |
| (૩૩) | " | હનપ/૧૧૬૯/૭૭/છ | તા. ૩/૬/૭૭ |
| (૩૪) | " | હનપ/૧૦૭૬/૨૧૭૬/છ | તા. ૧૪/૨/૭૮ |
| (૩૫) | " | હનપ/૧૧૬૯/૭૮/છ | તા. ૨૮/૯/૭૮ |
| (૩૬) | " | હનપ/૧૧૬૯/૭૮/છ | તા. ૨૨/૧૧/૭૮ |
| (૩૭) | " | હનપ/૧૦૭૬/૭૮/૨૧૭૬/છ | તા. ૧૦/૧/૭૯ |
| (૩૮) | " | હનપ/૧૨૭૨/૭૯/છ | તા. ૧૫/૧/૭૯ |
| (૩૯) | " | હનપ/૧૨૭૨/૭૯/છ | તા. ૬/૩/૭૯ |
| (૪૦) | " | હનપ/૧૦૭૯/૩૨૪૨/છ | તા. ૬/૧૦/૮૦ |
| (૪૧) | " | હનપ/૧૧૭૯/૩૭૬૧/છ | ૨૯/૧/૮૧ |
| (૪૨) | " | હનપ/૧૧૭૯/૩૦૨૫/છ | તા. ૩/૩/૮૧ |
| (૪૩) | " | હનપ/૧૦૮૩/પુઓ/૧૬૧/છ | તા. ૧૩/૪/૮૩ |
| (૪૪) | " | હનપ/૧૦૮૩/પુઓ/૩૭૩/છ | ૪/૫/૮૩ |
| (૪૫) | " | હનપ/૧૦૮૩/છ | તા.૨૫/૧૦/૮૩ |
| (૪૬) | " | હનપ/૧૦૮૨/૬૭૦/છ | તા. ૯/૧૧/૮૩ |
| (૪૭) | " | હનપ/૧૦૮૩/૨૧૨૦/છ | તા. ૨૧/૫/૮૫ |
| (૪૮) | " | હનપ/૧૦૮૨/૨૧૨૦/છ | તા. ૪/૧૧/૮૫ |
| (૪૯) | " | હનપ/૧૦૮૭/૨૬૭/છ | તા. ૫/૬/૮૭ |
| (૫૦) | " | હનપ/૧૧૬૮/છ | તા.૨૩/૨/૮૮ |
| (૫૧) | " | હનપ/૧૨૭૨/૮૮/૨૦૧૯ | તા.૨૩/૩/૮૮ |
| (૫૨) | " | આપ/૧૦૮૦/પુપ૬/૨૨/છ | તા. ૨૬/૮/૮૮ |
| (૫૩) | " | હનપ/૧૦૯૨/પુઓ/૭૬૩/છ | તા. ૯/૯/૯૨ |
| (૫૪) | " | હનપ/૧૦૯૩/પુઓ/૫૪૭/છ | તા. ૧/૧/૯૪ |
| (૫૫) | " | હનપ/૧૦૮૩/૬૮૮/છ | તા. ૬/૮/૯૭ |

(૫)

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ નંબર- હનપ/ ૧૧૬૭/ ક.

સચિવાલય, અમદાવાદ, -૧૫, તારીખ ૨૦ મો સપ્ટેમ્બર, ૧૯૬૭.

વિષય : સરકારી કર્મચારીઓએ પાસ કરવાની હિંદી પરીક્ષાઓ.

વંચાણમાં લીધા (૧) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગનો તા.૨૫ મી નવેમ્બર, ૧૯૫૪ નો સરકારી ઠરાવ નં.ઈએકસઆર- ૧૧૫૩.

(૨) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગના તા.૨જી જુલાઈ, ૧૯૫૫ અને તા.૧૦ મી સપ્ટેમ્બર, ૧૯૫૫ના સરકારી ઠરાવ નં.ઈએકસઆર-૧૧૫૫.

(૩) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૨મી જુલાઈ, ૧૯૬૨નો સરકારી ઠરાવ નં.ઈએકસઆર-૧૦૬૨૯ ૨૪૯-વો

(૪) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગનો તા.૧લી સપ્ટેમ્બર ૧૯૫૧ નો સરકારી ઠરાવ નં.૨૫૪૧/૩૪

(૫) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગનો તા.૨૬મી નવેમ્બર, ૧૯૫૭ નો સરકારી ઠરાવ નં.ઈએકસઆર-૧૧૫૭-જે.

(૬) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગના તા.૨૪મી ડિસેમ્બર, ૧૯૫૫નો સરકારી ઠરાવ નં.ઈએકસઆર- ૧૧૫૫.

(૭) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગનો તા.૧૧મી ડિસેમ્બર, ૧૯૫૧ નો સરકારી ઠરાવ નં.૨૫૪૧/૩૪

(૮) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગનો તા.૧૪મી જુલાઈ, ૧૯૫૮ નો સરકારી ઠરાવ નં.ઈએકસઆર- ૧૧૫૮.

(૯) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર પરનો તા.૧૩મી જુન, ૧૯૬૧ નો પત્ર નં.ઈએકસઆર-૧૧૬૧- ૨૧૯૮૨- ૪૪૭- બો

(૧૦) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગનો તા.૮મી મે, ૧૯૫૯ નો સરકારી ઠરાવ નં.ઈએકસઆર- ૧૧૫૯ - જે

(૧૧) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩મી ફેબ્રુઆરી, ૧૯૬૨ નો પરિપત્ર નં.ઈએકસઆર- ૧૦૬૨- બો

(૧૨) ગુજરાત રાજ્યની ભાષા નિયામક કચેરીનો તા.૧૬મી માર્ચ, ૧૯૬૨નો પરિપત્ર નં.૧૦૯ /૨૪૧

૮

(૧૩) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૩ મો એપ્રિલ, ૧૯૬ નો
સરકારી ઠરાવ નં. ઈએકસઆર-૧૦૬ ૨-૨૪ ૬ મી.

(૧૪) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકીય અને સેવકગણ વિભાગનો તા. ૩૦ મી માર્ચ,
૧૯૫૭ નો સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૧૫૭

(૧૫) ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકીય અને સેવકગણ વિભાગનો તા. ૭મો ઓકટોબર,
૧૯૫૮ નો સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૧૫૭- જે.

(૧૬) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨મો ઓગસ્ટ, ૧૯૬૭ ના
સરકારી ઠરાવ નં. ઇઆર- ૧૦૬૭- ૧૦૩૦- ક.

(૧૭) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૭ મો ડીસેમ્બર, ૧૯૬૩નો
સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૦૬૩- ૧૦૧૬૧- એ

(૧૮) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૬મો ઓગસ્ટ, ૧૯૬૩ના
સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૦૬૩- એ

(૧૯) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૧ મો નવેમ્બર, ૧૯૬૪ નો
સરકારી ઠરાવ નં. એસએનપી- ૧૦૬૪- ક

(૨૦) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૧મો નવેમ્બર, ૧૯૬૫ નો
સરકારી ઠરાવ નં. ડનપ- ૧૦૬૫- ક

(૨૧) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૯ મો ઓકટોબર,
૧૯૬૫નો સરકારી ઠરાવ નં. ડનપ- ૧૬૫૫- ક

(૨૨) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૫મો ફેબ્રુઆરી, ૧૯૬૫નો
સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૦૬૫- ક

(૨૩) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૩૧ મો ડીસેમ્બર, ૧૯૬૩નો
સરકારી ઠરાવ નં. એસએનઈ- ૧૦૬૩- એ

(૨૪) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૫મો મે, ૧૯૬૧ નો
સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૧૬૧- બી

(૨૫) ભૂતપૂર્વ મુંબઈ સરકારના શિક્ષણ વિભાગનો તા. ૨૩ મો ઓગસ્ટ, ૧૯૫૭નો
સરકારી ઠરાવ નં. એસએનઈ- ૩૭૫૭- સી

(૨૬) ભૂતપૂર્વ મુંબઈ સરકારના શિક્ષણ વિભાગનો તા. ૧લો મે, ૧૯૫૭ નો
પરિપત્ર ચાદી નં. ૩૪

(૨૭) ભુતપૂર્વ મુંબઇ સરકારના રાજકોય પત્ર સેવકગણ વિભાગનો તા. ૯ મો જુન, ૧૯૫૫ના સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૧૫૫.

(૨૮) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨મો ફેબ્રુઆરી, ૧૯૬૨ નો સરકારી ઠરાવ નં: ઈએકસઆર-૧૦૬૬-૪૩૦૨- સી

(૨૯) ભુતપૂર્વ મુંબઇ સરકાર રાજકોય અને સેવકગણ વિભાગનો તા. ૨૮ મી માર્ચ, ૧૯૫૭ નો સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૧૫૭

(૩૦) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૬૧ નો પરિપત્ર યાદી નં. ઈએકસઆર- ૧૦૬૧-૩૦૮૧/૩૦૮૦- બી

(૩૧) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૧ મો માર્ચ, ૧૯૬૩ નો સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૦૬૩- ૧૯૦- એ.

**-: ઠ રા વ :-**

સરકારી કર્મચારીઓ માટેની હિન્દી પરીક્ષાઓ અંગે ઉપરના બધા ઠરાવોના આધારે નીચે મુજબ સર્વગ્રાહી ઠરાવ કરવામાં આવે છે :-

૧. કઈ પરીક્ષા કોણે આપવી ફરજિયાત છે તે બાબત.

હિન્દી પરીક્ષાઓ નીચે બતાવેલા ત્રણ પ્રકારની છે અને તે સામે બતાવેલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ પાસ કરવાની રહેશે :-

(૧) ઉચ્ચ શ્રેણી પરીક્ષા : જેમને રાજ્ય ભાષા (Official Language) માં નોંધ લેખન અને મુસદ્દા લેખન કરવાનું હોય તેવા અધિકારીઓ અને કર્મચારીઓ એટલે

(અ) જે અંગે ગુજરાત સરકાર નિયમો ઘડતી હોય તેવી અખિલ ભારતીય સેવાઓના સભ્યો અને જુદી જુદી રાજ્ય સેવાઓમાંના રાજ્યપત્રિત અધિકારીઓ

(આ) ભુતપૂર્વ મુંબઈ સરકારના રાજકોય અને સેવકગણ વિભાગના તા. ૨જી જુલાઈ, ૧૯૫૫ અને ૧૦ મો સપ્ટેમ્બર, ૧૯૫૫ના સરકારી ઠરાવ નં. ઈએકસઆર- ૧૧૫૫ તથા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨મો જુલાઈ, ૧૯૬૨ ના ઠરાવ નં. ઈએકસઆર-૧૦૬૨-૯૨૪૯-બી સાથે જોડેલ વખતોવખત સુધાર્યા પ્રમાણેના પત્રક ''એ'' માં દર્શાવેલી વર્ગ-૩ ની જગ્યાઓ ધરાવનારાઓ અને સચિવાલયની સેવાઓમાં ઉપલા વિભાગના કર્મચારીઓ અને સચિવાલયમાંના સ્ટેનોગ્રાફરો.

(૨) નિમ્નશ્રેણી પરીક્ષા : જેઓ હિન્દી ભાષામાં જવાબો તૈયાર કરી શકતા હોય પરંતુ જેમને સામાન્ય રીતે નોંધલેખન અને મુસદ્દા લેખનની કામગીરી વધુ પ્રમાણમાં કરવાની ન હોય તેવા એટલે,

સચિવાલયના તાબાની સેવાઓ માંહેના કારકુનોના વડા અને ટાઈપિસ્ટ સહિત નીચલા વિભાગના કર્મચારીઓ અને સામાન્ય વહીવટ વિભાગના ઉપર જણાવેલ વખતોવખત સુધારેલા ૧ રમી જુલાઈ, ૧૯૬૨ના ઠરાવ સાથે જોડેલ પત્રકો 'એ' 'બી' માં સમાવિષ્ટ ન હોય તેવા વર્ગ-૩ની જગ્યાઓ ધરાવનારાઓ;

(૩) બોલચાલશ્રેણી પરીક્ષા : જેમને માટે રાજ્ય ભાષામાં નોંધ લેખન અને મુસદ્દા લેખન કરવું અપેક્ષિત ન હોય પરંતુ રાજભાષા બોલી શકવી જરૂરી હોય તેઓ એટલે,

ભુતપુર્વ મુંબઈ સરકારના રાજકોષ અને સેવકગણ વિભાગના તા. ૨જી જુલાઈ, ૧૯૫૫ અને તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૫૫ના સરકારી ઠરાવ નં. ઈએડસઆર-૧૧૫૫ તથા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨ મી જુલાઈ, ૧૯૬૨ ના ઠરાવ નં. ઈએડસઆર-૧૦૬૨-૯૨૭૪-બી સાથે જોડેલા વખતોવખત સુધાર્યા પ્રમાણેના પત્રક 'બી' માં જણાવેલ વર્ગ-૩ ની જગ્યા ધરાવનારાઓ અને વર્ગ-૪ ની સેવામાંના કર્મચારીઓ.

(૪) ખાતા/કચેરીના વડાને યોગ્ય લાગે તો જે ઉમેદવાર માટે નિમ્ન કે બોલચાલ શ્રેણી નિયત થઈ હોય તેને તેનાથી બઢતી શ્રેણીના એટલે અનુક્રમે ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની પરીક્ષામાં બેસવાની છુટ આપી શકશે.

## ૨. પરીક્ષા પાસ કરવાની મુદત

દરેક કર્મચારીઓ પોતાને માટે નિયત થયેલી શ્રેણીની હિન્દી પરીક્ષા અને તેની પ્રથમ નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની અંદર પાસ કરવાની રહેશે.

જે સરકારી કર્મચારીને નિમ્નશ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેવી જગ્યા પરથી ઉચ્ચશ્રેણી પરીક્ષા પાસ કરવી જરૂરી બને તેવી જગ્યા પર બઢતી મળી હોય તેણે આવી બઢતી મળ્યાની તારીખથી બે વર્ષની અંદર ઉચ્ચશ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવાની રહેશે.

સરકાર ખાસ કારણોસર આ પરીક્ષા કરવાની મુદત લંબાવી શકશે. વર્ગ-૪ સિવાયના જે કર્મચારી, નિયત મુદતની અંદર હિન્દી પરીક્ષા પાસ નહીં કરે તો તેના ઇજાફા, તે પછી જ્યાં સુધી પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી અટકાવવાને પાત્ર બનશે. વર્ગ-૪ ના કર્મચારી નિયત મુદતમાં હિન્દી પરીક્ષા પાસ નહીં કરે તો તેને બઢતી મળે તેમ હશે તો તે પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી અટકાવાશે.

૩. હિન્દી પરીક્ષાઓમાંથી મુક્તિ મળવા અંગે :-

જે સરકારી કર્મચારીઓએ,

(૧) રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની ''કોવિદ'' ''પરિચય'' અને ''પ્રવેશ પરીક્ષા''.

(૨) હિન્દુસ્તાની પ્રચાર સભા, વર્ધા અને મુંબઈની ''કાબિલ'' ''તીસરી'' અને ''દુસરી'' પરીક્ષા.

(૩) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદની ''વિનીત'' તીસરી'' અને ''દુસરી'' પરીક્ષા.

(૪) મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા પૂનાની ચોથી પરીક્ષા (એટલે કે પ્રવીણ' ત્રીજી પરીક્ષા અને બીજી પરીક્ષા, અને

(૫) દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભાની કર્ણાટક હિન્દી પ્રચાર સભા, ધારવાડ દ્વારા લેવાયેલી ચોથી પરીક્ષા (એટલે કે ''પ્રવેશિકા) ત્રીજી પરીક્ષા અને બીજી પરીક્ષા.

તા.૩૧/૩/૫૭ પહેલાં પાસ કરી હોય તેને ઉપક્રમે ઉચ્ચ, નિમ્ન અને નિમ્ન અને બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મળી શકશે.

(૬). સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ દ્વારા લેવાયેલી હિન્દી ''દુસરી'' અને ''તીસરી'' પરીક્ષા તા.૩૧/૩/૫૭ પહેલાં પાસ કરી હોય તેને અનુક્રમે બોલચાલ શ્રેણી અને નિમ્નશ્રેણી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળી શકશે.

૨(૧) ભૂતપૂર્વ મધ્યપ્રદેશ, હૈદરાબાદ અને કચ્છ રાજ્યોના જે કર્મચારીઓએ, સંબંધિત સરકારોએ ઘડેલા નિયમો અનુસારની હિન્દી પરીક્ષા અથવા નિયત કરેલી પરીક્ષાની સમકક્ષ તરીકે જે તે સરકારે માન્ય કરેલ ઉપર

જણાવેલ અન્ય સંસ્થાઓ સિવાયની સંસ્થા, જો હોય તો તેની હિન્દી પરીક્ષા, તા.૧/૧૧/૫૬ પહેલાં પાસ કરી હોય તો તેને પણ હિન્દી પરીક્ષા આપવાની આવશ્યકતામાંથી મુક્તિ મળી શકશે.

(૨) ભુતપુર્વ મધ્ય પ્રદેશ સરકારના અને ભુતપુર્વ વડોદરા રાજ્યના જે કર્મચારીએ ખાતાકીય પરીક્ષા – હિન્દીના પ્રશ્નપત્ર સહિત પાસ કરી હોય તેને હિન્દી પરીક્ષા આપવામાંથી મુક્તિ મળી શકશે.

(૩) ભુતપુર્વ સૌરાષ્ટ્ર સરકારની શાળાન્ત કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય તેને બોલચાલ શ્રેણીમાંથી અને

એસ.એસ.સી. પરીક્ષા વધારાના હિન્દી વિષય સાથે ૧૯૫૭ પહેલાં જુના અભ્યાસ ક્રમ મુજબ પાસ કરી હોય તેને નિમ્નશ્રેણી પરીક્ષામાંથી મુક્તિ મળી શકશે.

૩. જે કર્મચારીનો જન્મ તા. ૧લી જાન્યુઆરી, ૧૯૧૬ ના રોજ કે તે પહેલાંની તારીખે થયો હોય એટલે કે જેને તા. ૧લી જાન્યુઆરી, ૧૯૬૧ ના રોજ કે તે પહેલાં ૪૫ વર્ષ પુરાં થયાં હોય, તેને હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળી શકશે.

૪(૧) જે સરકારી અધિકારી/કર્મચારીની માતૃભાષા હિન્દી હોય અને આવી વ્યક્તિએ કોઈ વૈધાનિક સંસ્થાની મેટ્રીક કે તેની સમકક્ષ પરીક્ષા હિન્દી વિષય સાથે પાસ કરી હોય તો તેને ઉચ્ચ શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળી શકશે.

(૨) મધ્યસ્થ સરકાર કે અન્ય રાજ્ય સરકારોએ નિયત કરેલી હિન્દી પરીક્ષા પાસ કરનાર સરકારી કર્મચારીને ભાષા નિયામકની કચેરી દ્વારા લેવાતી ઉચ્ચ, નિમ્ન અને બોલચાલ શ્રેણીની હિન્દી પરીક્ષાઓમાંથી મુક્તિ મળી શકશે પણ તે એ શરતે કે તે પરીક્ષાનું ધોરણ ભાષા નિયામકની કચેરી દ્વારા લેવાતી જે તે પરીક્ષાના ધોરણનું સમકક્ષ હોવું જોઈએ.

(૩) વૈધાનિક યુનિવર્સિટીની ડિગ્રી કે તેની ઉચ્ચ કક્ષાની પરીક્ષામાં હિન્દીને ફરજિયાત કે વધારાના વિષય તરીકે રાખી અથવા બી.એડ.માં શિક્ષણ પધ્ધતિ હિન્દી રાખીને પાસ થયેલ હોય તેને ઉચ્ચ શ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મળી શકશે.

(૪) વૈધાનિક યુનિવર્સિટીનો વિનયન, વિજ્ઞાન, વાણિજય કે ફાર્મસીનો ઈન્ટરમીડીયેટ અથવા કોઈપણ વિદ્યાશાખાના દ્વિવાર્ષિક ડિગ્રી અભ્યાસક્રમના પ્રથમ વર્ષ ( ફસ્ટ ઈયર ) નો પરીક્ષા અથવા પ્રિ - એન્જીનીયરીંગ કે પ્રી- મેડીકલ કે તેથી ઉચ્ચ કક્ષાની પરીક્ષામાં ફરજિયાત હિન્દી વિષયમાં ૩૨ ટકા કે તે કરતાં વધુ ગુણ મેળવનારને ઉચ્ચ શ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુકિત મળી શકશે, પરંતુ આ પરીક્ષાના પ્રમાણપત્રમાં ફરજિયાત હિન્દી વિષયના અલગ ગુણ આપવામાં આવ્યા નહીં હોય તેને મુકિત મળશે નહીં.

(૫) જે સરકારી કર્મચારીએ પુસ્તકો સાથે વધારાના હિન્દી વિષય સહિત કે પુસ્તકો વિના હિન્દી વિષય સહિત એસ. એસ. સી. અથવા કોઈ વૈધાનિક સંસ્થાની સમકક્ષ પરીક્ષા માર્ચ, ૧૯૫૭ પહેલાં અથવા માર્ચ, ૧૯૫૭ માં પાસ કરી હોય તેને નિમ્ન શ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુકિત મળશે.

(૬) જે સરકારી કર્મચારી અંધ હોય તેને હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુકિત મળી શકશે.

(૭) જેમને જનતા સાથે બહુ સંપર્કમાં આવવાનું થતું ન હોય તેવા ટેકનિકલ જગ્યા ધરાવતા ચોથા વર્ગના કર્મચારીઓને બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુકિત મળી શકશે.

(૮) જે સરકારી કર્મચારીઓએ નિયમ અનુસાર નિમ્નશ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવાની હોય અને તેઓ ઉચ્ચ શ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુકિત મેળવવાની લાયકાત ધરાવતા હોય તો તેમણે નિમ્નશ્રેણી હિન્દીની પરીક્ષા પાસ કરવાની રહેશે નહીં. તે જ પ્રમાણે જે કર્મચારીઓએ બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવાની હોય અને તેઓ નિમ્નશ્રેણી હિન્દી

પરીક્ષામાંથી મુક્તિ મેળવવાની લાયકાત ધરાવતા હોય તો પેપરો પણ બોલચાલ જેવી હિન્દી પરીક્ષા પાસ કરવાની રહેશે નહીં.

આવી મુક્તિ મંજૂર રાખવાના હુકમો સંબંધિત ખાતા/ કચેરીના વડાએ કાઢવાના રહેશે.

૪. <u>પરીક્ષા સંચાલન કેન્દ્ર બદલો ઈત્યાદિ</u>

સરકારે ઠરાવ્યા પ્રમાણે હિન્દી પરીક્ષાઓ ભાષા નિયામકની કચેરી દ્વારા લેવામાં આવશે. પરીક્ષામાં બેસવાની પરવાનગી માટેની અરજીઓ નિયત નમૂનામાં પરીક્ષા કેન્દ્રના મુખ્ય સંચાલક એટલે કે સંબંધિત જિલ્લા કલેક્ટરને અથવા પેટા કેન્દ્રના મુખ્ય સંચાલક નાયબ કલેક્ટર હોય તો તેમને, પોતાના ખાતા/ કચેરીના વડા મારફત નિયત થયેલી તારીખના રોજ કે તે પહેલાં પહોંચી જાય એ રીતે મોકલવાની રહેશે.

આવેદનપત્ર ભર્યા બાદ જે સરકારી કર્મચારીની બદલી કાયમ માટે બીજા જિલ્લામાં થઈ હોય અથવા પરીક્ષાના સમય દરમિયાન રજા કે વેકેશનને કારણે તે મુખ્ય મથકે ગેરહાજર હોય અથવા તેને અગત્યના સરકારી કામકાજે બીજા જિલ્લામાં જવાનું હોય તો સંબંધિત કર્મચારીએ કેન્દ્ર બદલો મેળવવાની અરજી સંબંધિત જિલ્લા કલેક્ટરની કચેરીને નિયત કરવામાં આવે તેટલા સમયમાં કરવાની રહેશે. રજા કે વેકેશન દરમિયાન કે પોતાની સગવડ ખાતર બીજા જિલ્લામાં કેન્દ્રમાં પરીક્ષામાં બેસવા માટે કેન્દ્ર બદલો માગનાર કર્મચારીને દૈનિક ભથ્થું તથા મુસાફરી ભથ્થું મળી શકશે નહીં.

પરીક્ષા કેન્દ્રના સંચાલનની વ્યવસ્થા સંબંધિત કેન્દ્ર સંચાલક એટલે કે પ્રસંગ પ્રમાણે જિલ્લા કલેક્ટર કે નાયબ કલેક્ટર તરફથી કરવામાં આવશે.

૫. <u>પરીક્ષા ફી</u>

આ પરીક્ષાઓ માટે ઉમેદવારો પાસેથી પ્રથમ બે તક માટે કોઈ ફી લેવામાં આવશે નહીં. બે તકે નાપાસ થનાર વર્ગ-૧ અને વર્ગ-૨ના

અધિકારીઓ પાસેથી તે પછી પરીક્ષામાં બેસવા માટે રૂા. ૬ અને વર્ગ-૩ ના કર્મચારીઓ પાસેથી રૂપિયા ૩ પરીક્ષા ફી તરીકે લેવામાં આવશે. વર્ગ-૪ના કર્મચારીઓ પાસેથી પરીક્ષા ફી લેવામાં આવશે નહીં. પ્રથમ બે તક માટે પરીક્ષાર્થીને પરીક્ષાના સમયે દેખાડવા માટે ઓળખપત્ર આપવો અને ત્યાર પછીની તકો માટે ભરેલી પરીક્ષા ફીનો પહોંચ આપવી. જે પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડમાં અધિકૃત અધિકારીને બતાવવી પડશે. એકવાર ભરાયેલી પરીક્ષા ફી ત્યારપછીની આગામી પરીક્ષા માટે અનામત રહેશે નહીં.

## ૯. પરીક્ષા ફી પરત કરવા બાબત.

બે પ્રયત્ને નાપાસ થયા પછી ભરાયેલી પરીક્ષા ફી નીચેના સંજોગોમાં અને મર્યાદામાં પરત કરી શકાશે :-

(૧) પરીક્ષાર્થી પરીક્ષાની તારીખ પહેલાં મૃત્યુ પામે તો આખી ફી પરત કરી શકાશે.

(૨) પરીક્ષાર્થી એકાએક બિમાર પડી જતાં પરીક્ષા આપી શકે તેમ ન હોય તો રજિસ્ટર્ડ દાક્તરના પ્રમાણપત્ર સાથે પરીક્ષા 'ફી' પરત મેળવવાની અરજી સંબંધિત જિલ્લા કેન્દ્રના મુખ્ય સંચાલકને પરીક્ષા શરૂ થાય તેના એક દિવસ પહેલાં ( ખાતા/ કચેરીના વડા મારફત ) પહોંચે તે રીતે મોકલવામાં આવે તો અર્ધી પરીક્ષા ફી પરત કરી શકાશે.

(૩) પરીક્ષાર્થીનું આવેદનપત્ર સમયસર રજુ થયું હોય તેમ છતાં કોઈ ખાસ કારણસર તે અસ્વીકૃત થાય અને તેને પરીક્ષામાં બેસવા દેવામાં ન આવે તો તેણે ભરેલી આખી ફી પરત કરી શકાશે.

(૪) સંબંધિત જિલ્લા તિજોરીમાંથી પરીક્ષા ફી ભરેલાં ચલન સમયસર ન મળવાને કારણે જિલ્લા કલેક્ટરને મોડાં મળેલાં આવેદનપત્રો અસ્વીકૃત થયાં હોય તો પરીક્ષા ફી પરત કરી શકાશે, પરંતુ આ બાબતમાં સરકારના હુકમો મેળવવાના રહેશે.

(૫) જે પરીક્ષાર્થીઓને (૧) તેમના માટે નિયત થયેલી પરીક્ષા પાસ કરવામાંથી નિયમાનુસાર મુક્તિ આપવામાં આવી હોય, (૨) માન્ય સંસ્થાઓની માન્ય પરીક્ષા પાસ કરવાને કારણે હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી નિયમાનુસાર મુક્તિ મળેલી હોય, (૩) પરીક્ષામાં નાપાસ થયેલ પરીક્ષાર્થીનું પરિણામ પાછળથી પાસમાં જાહેર કરવામાં આવતાં જો પહેલાં તે, પછીની આગામી પરીક્ષા માટે ફી ભરવામાં આવી હોય, તો આવા પરીક્ષાર્થીઓએ ભરેલી પરીક્ષા ફી પરત કરી શકાશે.

(૬) નોકરીની જરુરીયાતને કારણે પરીક્ષામાં બેસવા સરકારી કર્મચારીને મુક્ત કરી શકાયા ન હોય અને પરીક્ષા ફી પરત કરવાની થતી હોય એવા કિસ્સા સરકારમાં મોકલવાના રહેશે. ત્યારબાદ સરકાર તેના ગુણદોષ તપાસી આવા પ્રત્યેક કેસ અંગે નિર્ણય લેશે અને ઉમેદવારને આ પ્રમાણે પરીક્ષામાં બેસવામાં રોકી રાખવા અંગે ખાતરી થાય તો ફી પરત કરવા અંગે હુકમો આપશે.

(૭) પરીક્ષાર્થીએ નિયત કરેલા ફી કરતાં વધુ પરીક્ષા ફી ભરેલી હોય તો તેટલી વધારાની ફી પરત કરી શકાશે.

૭. <u>પરીક્ષામાં પાસ થવાનું ધોરણ</u>

ઉચ્ચ અને નિમ્ન શ્રેણી હિન્દી પરીક્ષાઓ. આ બંને પરીક્ષાઓમાં પાસ થવા માટે ઉમેદવારે પ્રત્યેક પ્રશ્નપત્રમાં ઓછામાં ઓછા ૩૫ ટકા ગુણ મેળવવાના રહેશે.

બોલચાલશ્રેણી હિન્દી પરીક્ષા - આ પરીક્ષામાં વાંચી લખી જાણતા અને તેથી શ્રુતલેખન સાથે પરીક્ષા આપનાર માટે પાસ થવાનું ધોરણ, શ્રુતલેખનમાં ૪૦ માંથી ઓછામાં ઓછા ૧૦ ગુણ, મૌખિકમાં ૬૦ માંથી ઓછામાં ઓછા ૨૦ ગુણ અને સમગ્રપણે ઓછામાં ઓછા ૩૫ ગુણનું રહેશે. શ્રુતલેખન વિના માત્ર મૌખિક પરીક્ષામાં બેસતા નિરક્ષર પરીક્ષાર્થીઓ માટે પાસ થવાનું ધોરણ કુલ ૬૦ માંથી ઓછામાં ઓછા ૨૧ ગુણનું રહેશે.

જે પરીક્ષાર્થી પોતાને માટે નિયત થયેલી શ્રેણીની પરીક્ષા ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી પાસ કરે તેને નિયત નમુનામાં તે લાયકાતનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

## ૮. પ્રશ્નપત્રોમાંથી મુક્તિ.

ઉચ્ચ શ્રેણી અને નિમ્ન શ્રેણી પરીક્ષાઓના જે પ્રશ્નપત્રમાં પરીક્ષાર્થી ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવે તેને તે પ્રશ્નપત્રમાંથી મુક્તિ મળશે. જે પરીક્ષાર્થીને ધોરણસર આવી મુક્તિ મળી હોય તેણે આગામી પરીક્ષામાં બેસવાનું હોય ત્યારે મળેલી મુક્તિનો લાભ પોતાને લેવો છે કે કેમ તે સ્પષ્ટ જણાવવાનું રહેશે. જો તે પુરી પરીક્ષા દેવાનો નિર્ણય કરે તો અગાઉ મળેલી મુક્તિનો લાભ તેને મળી શકશે નહીં.

## ૯. પરિણામ પ્રસિધ્ધ કરવા બાબત.

બંને શ્રેણીઓની હિન્દી પરીક્ષાઓમાં પાસ થતાં પરીક્ષાર્થીઓની યાદી ભાષા નિયામક, ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવશે.

## ૧૦. નાપાસ થયેલા પરીક્ષાર્થીઓને ગુણ આપવા બાબત.

નાપાસ થયેલા પરીક્ષાર્થીઓએ મેળવેલા ગુણ તેમની જાણ અર્થે ભાષા નિયામક સંબંધિત કેન્દ્રના મુખ્ય સંચાલકને મોકલી આપશે.

## ૧૧. પ્રશ્નપત્રોમાં પરીક્ષાર્થીઓએ મેળવેલા ગુણની ખરાઈ.

પરીક્ષાના પરિણામ બાદ પરીક્ષાર્થીઓને કોઈ ચોકકસ પ્રશ્નપત્રમાં પોતાનો ઉત્તરો તપાસાયા છે કે કેમ અથવા તે પ્રશ્નપત્રમાં મેળવેલા ગુણનો સરવાળામાં ભુલ થયેલ છે કે કેમ તેની ખરાઈ કરાવવી હોય તો તેમણે ભાષા નિયામકને અરજી કરવાની રહેશે. નાપાસ થયેલા કર્મચારીઓના પ્રશ્નપત્રો નિયમાનુસાર કોઈપણ સંજોગોમાં ફરીથી તપાસાશે નહીં, પરંતુ મળેલા ગુણના સરવાળાની ખરાઈ થઈ શકશે. તે માટેની ફી નીચે પ્રમાણે છે અને તિજોરી ચલનથી નીચે જણાવેલા અંદાજપત્રના સદરમાં જમા કરાવવાની રહેશે:-

(૧) ખરાઈની ફી નો દર :

૧: રાજ્યપત્રિત અધિકારી માટે પ્રશ્નપત્ર દીઠ રૂા.૧

૨: બિન-રાજ્યપત્રિત કર્મચારી માટે પ્રશ્નપત્ર દીઠ રૂા. ૦.૫૦ પૈસા.

(૨)- અંદાજપત્રનું જમા સદર:

XI - લી. પરચુરણ ખાતા

પરચુરણ.

હિન્દી પરીક્ષા અંગેની આવક.

૧૬



ઉત્તરો ચકાસણી કરાવવા માંગતા પ્રત્યેક ઉમેદવારે નિયત ફી સાથે પોતાનું નામ, બેઠક નંબર, પરીક્ષા શ્રેણી, કેન્દ્ર વગેરેની વિગત સાથેની અરજી પોતાના ખાતા દ્વારા પરિણામ જાહેર થયાની તારીખથી આઠ અઠવાડિયા-ની અંદર ભાષા નિયામકની કચેરીને મોકલવાની રહેશે. એ મુદત વીત્યા પછી મળતી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ અને તે અંગે ભરેલ ફી પરત મળી શકશે નહીં.

## ૧૦. અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક.

સરકારી કર્મચારીઓ માટેની ઉચ્ચશ્રેણી અને નિમ્ન-શ્રેણી પરીક્ષા માટે અગાઉ નિયત થયેલી મૌખિક વિભાગની પરીક્ષા આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે. પરંતુ બોલચાલ શ્રેણીમાં મૌખિક પરીક્ષા ચાલુ રહે છે.

ઉચ્ચ, નિમ્ન અને બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષાઓ માટે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો નીચે પ્રમાણે રહેશે:-

(અ) ઉચ્ચશ્રેણી હિન્દી પરીક્ષા :- આ પરીક્ષામાં ત્રણ પ્રશ્નપત્રો નીચે પ્રમાણે રહેશે:-

| | | ગુણ | સમય. |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | નિયત પાઠ્યપુસ્તકો | ૧૦૦ | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૨ | નિયત પાઠ્યપુસ્તકો | ૧૦૦ | ૩ કલાક. |
| પ્રશ્નપત્ર-૩. | નિબંધ, વ્યાકરણ, સારલેખન, પત્રલેખન, નોંધ-ટિપ્પણ અને ગુજરાતી કે અંગ્રેજીમાંથી હિન્દીમાં અનુવાદ... | ૧૦૦ | ૩ કલાક. |

પહેલા બે પ્રશ્નપત્રો માટે નીચેના પાઠ્યપુસ્તકો નિયત કરવામાં આવે છે:-

| | પુસ્તકનું નામ | લેખક/ સંપાદક/ પ્રકાશક |
|---|---|---|
| | પ્રશ્નપત્ર-૧ | |
| ૧: | કહાની: નઈ-પુરાની | સંપાદક: ડો. રઘુવીરસિંહ. પ્રકાશક: રાજકમલ પ્રકાશન પ્રા. લિ., દિલ્હી. |
| ૨. | સરલ ગદ્ય | સંપાદક: ક્ષેમચંદ સુમન, પ્રકાશક: ભારતી સાહિત્ય મંદિર, ફવ્વારા, દિલ્હી. |

૧૯

પ્રશ્નપત્ર-૨

૧. પ્રતિનિધિ એકાંકી — સંપાદક : પ્રહ્લાદદાસ અગ્રવાલ. પ્રકાશક : રામનારાયણ બેનીમાધવ અલ્હાબાદ-૨.

૨. સંક્ષિપ્ત ચલન — લેખક : પ્રેમચંદજી. પ્રકાશક : હંસ પ્રકાશન, અલ્હાબાદ.

પ્રશ્નપત્ર-૩ માટે નીચેના પુસ્તકો વાંચવાનો ભલામણ કરવામાં આવે છેઃ-

૧: વ્યાકરણ માટે.

૨: હિન્દી પ્રયોગ — લેખક : રામચંદ વર્મા. પ્રકાશક : સાહિત્ય રત્નમાલા કાર્યાલય, ૪૭, લાજપતનગર, વારાણસી-૨.

૨: નોંધ-મુસદ્દાલેખન માટે. કાર્યાલય નિર્દેશિકા — લેખક : બાબુરામ પાલીવાલ. પ્રકાશક : સુનીતિ પ્રકાશન નવી દિલ્હી-૧૬

અથવા

પ્રમાણિક આલેખન ઔર ટિપ્પણ — લેખક : પ્રો. વિરાજ. પ્રકાશક : રાજપાલ એન્ડ સન્સ, દિલ્હી-૬.

(બ) નિમ્નશ્રેણી હિન્દી પરીક્ષા- આ પરીક્ષામાં બે પ્રશ્નપત્રો નીચે પ્રમાણે રહેશે.

| | ગુણ | સમય. |
|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ નિયત પાઠ્યપુસ્તકો | ૧૦૦ | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૨ નિબંધ, વ્યાકરણ, સારલેખન પત્રલેખન અને ગુજરાતી કે અંગ્રેજીમાંથી હિન્દીમાં અનુવાદ | ૧૦૦ | ૩ કલાક |

પ્રશ્નપત્ર-૧ માટે નીચેના પાઠ્યપુસ્તકો નિયત કરવામાં આવે છેઃ-

| પુસ્તકનું નામ. | લેખક/ સંપાદક/ પ્રકાશક. |
|---|---|
| ૧. કહાની કુસુમ | સંપાદક : રમાપ્રસાદ ઘિલ્ડયાલ ''પહાડી'' પ્રકાશક : શિક્ષણ પુસ્તક ભવન, કચહરી રોડ, અલ્હાબાદ. |

૩. [illegible] — સંપાદક : સુરજભાન, પ્રકાશક : રાજપાલ એન્ડ સન્સ, કાશ્મીરી ગેટ, દિલ્હી-૬

[illegible]-૨ માટે નીચેનું પુસ્તક વાંચવાની ભલામણ કરવામાં આવે છે:

સંક્ષિપ્ત હિન્દી વ્યાકરણ. — લેખક : કામતાપ્રસાદ ગુરુ, પ્રકાશક : કાશી નાગરી પ્રચારિણી સભા, વારાણસી.

(ક) બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષા- આ પરીક્ષા માટેનો હાલનો અભ્યાસક્રમ યથાવત્ ચાલુ રહે છે. એટલે કે આ પરીક્ષામાં (ક) શ્રુતલેખન અને (ખ) મૌખિક એમ બે વિભાગ રહેશે. શ્રુતલેખન સાથેની પરીક્ષા માટે કુલ ૧૦૦ ગુણ રહેશે. જેમાંથી શ્રુતલેખન માટે ૪૦ ગુણ અને મૌખિક પરીક્ષા માટે ૬૦ ગુણ રાખ્યા છે. ચોથા વર્ગના નિરક્ષર કર્મચારીઓને શ્રુતલેખન વિનાની એકલી મૌખિક પરીક્ષા આપવાની રહે છે. જેને માટે કુલ ૬૦ ગુણ રહેશે. આ પરીક્ષા માટે પુસ્તકો નિયત કરવામાં આવ્યા નથી, પણ પરીક્ષાર્થીઓને નીચેના પુસ્તકો વાંચવાની ભલામણ કરવામાં આવે છે:-

| | પુસ્તકનું નામ | લેખક/ પ્રકાશક |
|---|---|---|
| ૧: | સંવાદ | લેખક : ગિરીરાજ કિશોર<br>પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૯. |
| ૨. | કામકાજકી હિન્દી | પ્રકાશક : મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા સભા, પુના.. |
| ૩. | રસીલી કહાનિયાં | પ્રકાશક: દક્ષિણભારત પ્રચાર સભા, મદ્રાસ. |

ઉચ્ચ અને નિમ્ન શ્રેણીઓ માટેનો આ નવો અભ્યાસક્રમ અને પાઠયપુસ્તકો એપ્રિલ- મે, ૧૯૬૯ માં લેવાનારી પરીક્ષાઓથી અમલમાં આવશે. તેમ છતાં એપ્રિલ-મે ૧૯૬૮ માં અને ઓક્ટોબર-નવેમ્બર-૧૯૬૮ માં લેવાનારી પરીક્ષાઓ માં જુના અભ્યાસક્રમ મુજબ પણ પરીક્ષા લેવાશે. આમ અગાઉ જુના અભ્યાસક્રમ મુજબ પરીક્ષામાં બેસી નાપાસ થયેલા પરીક્ષાર્થીઓને જુના અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષા આપવાની પસંદગીની તક મળશે.

આ હુકમો તા.૧લી જાન્યુઆરી, ૧૯૬૮ થી અમલમાં આવશે.

આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની ફાઈલ નં. કનપ-૧૨૬૫-ક પર નાણાં વિભાગની તા. ૨૧ મી સપ્ટેમ્બર ૧૯૬૫ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હા. એ. ભટ્ટ,
ઉપ- સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવ,
રાજભવનના ગૃહ નિયામક,
મુખ્યમંત્રીશ્રીના સચિવ,
બધા મંત્રીશ્રીઓના અંગત સચિવો,
બધા નાયબ મંત્રીશ્રીઓના અને મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવોના અંગત મદદનીશો.
× સચિવ, ગુજરાત રાજ્ય- સેવા કમિશન, અમદાવાદ.
× સચિવ, ગુજરાત વિધાનસભા, સચિવાલય, અમદાવાદ.
× રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× એકાઉન્ટન્ટ-જનરલ, ગુજરાત, અમદાવાદ.
સિનિયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ શાખા, રાજકોટ.
પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ.
મુકામી ઓડીટ અધિકારી, અમદાવાદ.
હિસાબ અને તિજોરી નિયામક, અમદાવાદ.
સચિવાલયના બધા વિભાગો, (વધારાની ૧૦ નકલો સાથે)
બધા કલેકટરો
સઘળાં ખાતાનાં તથા કચેરીના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની બધી શાખા.

-:-:-:-:-:-:-:

× પત્ર દ્વારા.

કોમ્પ્ટો:૨૭૧૯૦//